જન્મદિને વધામણી

કુસુમબેન કે પટેલ
મો.૭૫૭૨૮૯૦૧૪૬

ધ્રુવલ પટેલ

હર્ષ શર્મા

રવીરાજસિંહ વાઘેલા

રોહિત સોરઠીયા (મુન્નો)

વિરેન ગૌતમકુમાર મોદી
બી.ઈ. મિકેનીકલ

ગાંધીનગર ખાતે કાર્યરત કિડ્સ વર્લ્ડ પ્રિ સ્કૂલ દ્વારા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાના ગ્રાઉન્ડ ખાતે સ્પૉર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ઇન્ટરનેશનલ ખેલાડી નાઝકુમાર ધાંધલે ફૂટબૉલની રમતના માધ્યમથી સ્પૉર્ટ્સ ડેનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગાંધીનગર શહેરમાં કાર્યરત કિડ્સ વર્લ્ડની તમામ શાખાઓનાં ભૂલકાઓએ પરેડ, ડ્રીલ ડાન્સ તેમજ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાલીઓ માટે પણ આ પ્રસંગે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

ભારતભરમાંથી આવેલી મહિલાઓને તેમની સાફલ્યગાથાને આધારિત એવોર્ડ એનાયત

મહિલાઓ આજે દરેક ક્ષેત્રમાં સક્રિય બની છે : નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે નિમિત્તે અરવિંદ વેગડાએ 'બેટી' ગીત રજુ કર્યું

ગાંધીનગર, તા. ૩૧

૨૦૧૩માં સ્થાપિત નોન પ્રોફિટ ટ્રસ્ટની રચના ક્વોલિટી, હેલ્થ, સેફ્ટી, પર્યાવરણ અને મેનેજમેન્ટ કાર્યો માટેના લોકો દ્વારા કરાઈ, જેનો હેતુ સમાજમાં ઉમદા કાર્યો કરવામાં આવે અને સમાજની સંભાળ લેનારી વ્યક્તિઓ-હસ્તીઓનું સન્માન કરવાનો છે. એ દિવસો હવે વિદાય થઈ ચુક્યા છે જેમાં મહિલાઓને સમાજમાં કોઈ રીતે પુરૂષોને સમાન અધિકારો પ્રાપ્ત નહોતા. આજે આપણે જોઈ શકીએ છીએ કે પુરૂષ પ્રધાન દુનિયામાં મહિલાઓ પણ ખુદને સાબિત કરે છે અને પુરૂષોની સાથે ખભેખભા મિલાવીને આગળ વધી રહી છે. તેમની આસપાસ અનેક પ્રકારની નકારાત્મકતા હોવા છતાં આજે મહિલાઓ દરેક કાર્યક્ષેત્રમાં અગ્રેસર થવા જઈ રહી છે. ૨૪ જાન્યુઆરીનો દિવસ નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે તરીકે મનાવાય છે જેમાં જાણીતા સેલેબ્રિટી અને સિંગર અરવિંદ વેગડા તેમના ગીત 'બેટી'ની રજૂઆત ક્વોલિટી માર્ક વુમન એવોર્ડ્સના પ્રસંગે કરી હતી. સુપરહીટ ગુજરાતી મુવી 'છેલ્લો દિવસ'ના કલાકારોની ટીમ લડકી ફેમ સિંગર તનિષ્કા સંઘવી, વેલકમ બેક ટાઈટલ સિંગર ગીતા ઝાલા અને બાલિકા વધૂની એક્ટર ગ્રેસી ગોસ્વામી સાથે હાજરી આપી હતી. પ્રમુખ શ્રી હેતલભાઈ ઠક્કર અને એડવાઈઝરી બોર્ડ મેમ્બર શ્રી અરવિંદ વેગડાએ જણાવ્યું હતું કે આ પ્રસંગે ગુજરાતના મહિલા પંચના અધ્યક્ષા શ્રીમતી લીલાબહેન અંકોલિયા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અને એનએફએસસીઓબીના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી, ગુજરાતના કમર્શિયલ ટેક્સ વિભાગના કમિશનર ડૉ. પી.ડી. વાગેલા (આઈએએસ) તથા સીઈડીના ડિરેક્ટર ડૉ. ચંદન ચેટ્ટરજી ખાસ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

બાળ સાહિત્ય અકાદમીનું સોળમું અધિવેશન અમદાવાદ ખાતે યોજાયું

આજે બાલમંદિરની નહીં, પણ બાપમંદિરની જરૂર છે : ચંદ્રકાન્ત મહેતા

રવિન્દ્ર અંધારીયાએ 'અશોક હર્ષનું કિશોર સાહિત્ય' વિષે લેખ રજૂ કર્યો

ગાંધીનગર, તા. ૩૧

બાળ સાહિત્ય અકાદમીનું સોળમું અધિવેશન અહિંસા ભવન, ગૂજરાત વિદ્યાપીઠ ખાતે મહેન્દ્રભાઈ કે શાહ, વલસાડના ઉપક્રમે 'અશોક હર્ષ સ્મારક અધિવેશન' તરીકે યોજવામાં આવ્યું હતું.

ગુજરાતી, હિન્દી અને સિંધીમાં બાળ સાહિત્યની રચના કરતા અને રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા હુંદરાજ બળવાણીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું તથા વર્ષ દરમ્યાન દિવંગત થયેલા બાળ સાહિત્યકારો - રતિલાલ નાયક, યશવંત કડીકર, જગદીશ બિનીવાલે, રામજીભાઈ કડિયા, રીટા ભટ્ટ, લાભશંકર ઠાકર વગેરેને સ્મરણાંજલિ સ્વરૂપે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

પ્રારંભે ગણેશ સિંધવ અને તરલિકાબેન શાહ દ્વારા બાળગીત રજૂ કરવામાં આવ્યાં હતાં. આશાબેન ભટ્ટ અને સાથીઓ દ્વારા પપેટ અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

બાળ સાહિત્ય અકાદમીના સ્થાપક, કન્વીનર યશવંત મહેતાએ ગત વર્ષનો અહેવાલ રજૂ કર્યો હતો અને ઇનામો માટે મળેલાં પ્રોત્સાહનોની વાત રજૂ કરી હતી. ઉત્તમ બાળવાર્તા માટે પ્રજ્ઞા પટેલ તરફથી મળેલા આત્મા-રેવા પારિતોષિક તથા જગદીશ બિનીવાલે પારિતોષિકનો ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે ચંદ્રવદન મિસ્ત્રી (અમેરિકા) દ્વારા બાળ સાહિત્યકારને અપાતો ચંદ્રક હુંદરાજ બલવાણીને સમારંભના અધ્યક્ષ ચંદ્રકાન્ત મહેતાના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

રવિન્દ્ર અંધારીયાએ 'અશોક હર્ષનું કિશોર સાહિત્ય' વિષે અભ્યાસપૂર્ણ લેખ રજૂ કર્યો હતો. અધ્યક્ષીય પ્રવચનમાં ચંદ્રકાંત મહેતાએ આજના બાળક પાસે સામાન્ય જ્ઞાનનાં જે સાધનો વધ્યાં છે તેને આધારે વધારે સજ્જતાપૂર્વક બાળસાહિત્યની રચના કરવા પર ભાર મૂકતાં તેમણે જણાવ્યું હતું કે આજે બાલમંદિરની નહીં, પણ બાપમંદિરની જરૂર છે.

બીજા સેશનમાં બાળ મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું સંચાલન નટવર પટેલ અને યોસેફ મેકવાને કર્યું હતું. આ પ્રસંગે રમેશ ત્રિવેદી, નટવર હેડાઉ, કીર્તિદા બ્રહ્મભટ્ટ, રમેશ પટેલ, ભારતીબેન બોરડ, રામુ ડરણકર, મહેશ 'સ્પર્શ', રાવજીભાઈ કાચા, કિશોર પંડ્યા, રવીન્દ્ર અંધારિયા, કિરીટ દવે, દીના પંડ્યા, મનુભાઈ પટેલ, ગોવિંદ દરજી, હસમુખ ટાંક, રશીદ મુનશી, ભારત પાઠક, નયનાબેન મહેતા ઉપરાંત યશવંત મહેતા, યોસેફ મેકવાન અને નવટર પટેલે પણ પોતાનાં રચેલાં બાળકાવ્યો રજૂ કર્યાં હતાં.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ઍરલિફ્ટ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૨
મસ્તીજાદે (એ)
૧૨.૩૦, ૩.૧૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩
ઍરલિફ્ટ
૧૨.૪૫
સાલા ખડૂસ
૩.૦૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
રાત્રે ૧૦.૦૦
મસ્તીજાદે (એ)
૧.૩૦, ૬.૩૦
સાલા ખડૂસ
૧૦.૦૦

સ્ક્રીન-૫
ઍરલિફ્ટ
૩.૪૫
મસ્તીજાદે (એ)
૧૦.૦૦
સાલા ખડૂસ
૧૨.૩૦

એસ.જી. શાળામાં સમાચાર વાચન અભિવ્યક્તિ સ્પર્ધા યોજાઈ

યલ્લો ગ્રુપે પ્રથમ ક્રમ અને રેડ ગ્રુપે બીજો નંબર મેળવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળામાં ધો. ૫ થી ૮ના દરેક ગ્રુપના વિદ્યાર્થીઓની સમાચાર વાંચન અભિવ્યક્તિ સ્પર્ધાનું સુંદર આયોજન થયું હતું. જેમાં શાળાના ૪૦ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય પ્રાદેશિક અને જુદા જુદા સમાચારોનું વર્તમાનપત્રને આધારે વાંચન કર્યું હતું. શાળાના પાંચેય વિભાગના બાળકોએ પોતાની વાંચન અભિવ્યક્તિ સુંદર રીતે રજુ કરી હતી. જેમાં યલ્લો ગ્રુપે પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જેઓને ટ્રોફી આપીને સન્માનીત કર્યા હતા.

જ્યારે રેડ ગ્રુપે બીજો નંબર તેમજ બ્લ્યુ ગ્રુપે ત્રીજો નંબર મેળવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં જજ તરીકે શાળાના નિષ્ણાંત સલીના નાયર અને રમેશ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ નિષ્પક્ષ નિર્ણય જાહેર કરીને બાળકોને પ્રોત્સાહન આપી વિજેતા ક્રમ જાહેર કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને શાળા પરિવારના શિક્ષકોએ યોગ્ય કામગીરી પૂર્ણ કરીને સફળ બનાવ્યો હતો.

પ્રતાપસિંહજી વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૩૧

પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલય અને અર્જુન આશ્રમ ઈંગ્લિશ મિડિયમ સ્કુલનો વાર્ષિક ઉત્સવ ઈનામ વિતરણ અને સિધ્ધિ સંપન્ન મહાનુભાવોનો સન્માન સમારંભ યોજાયો હતો. ભારતીય પર્વોની ઉજવણી આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા. આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. રાજય કક્ષાએ કબડ્ડી સ્પર્ધાના વિજેતાઓ અને કોચ ડિમ્પલ રાજપુતને માન સન્માન એનાયત થયું હતું. ધો-૧૦ અને ૧૨માં પોતાના વિષયમાં ૧૦૦ ટકા પરીણામ મેળવનાર શિક્ષકો સર્વશ્રી રામશ્રી ખાંટ, મોતીસિંહ શુરાવત, ચારુલતા બહેન પટેલને બિરદાવ્યા હતા. ૧૦૦ ટકા હાજર રહેનાર સંનિષ્ઠ શિક્ષક નરેન્દ્રસિંહ ચૌહાણનું પણ અભિવાદન કરાયું હતું. ધો-૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વડીલોને મહેમાનોને હસ્તે સન્માન અપાયું હતું. સમારંભના અધ્યક્ષપદે મેયર હંસાબેન મોદી અને ઉદઘાટક તરીકે ગુડાના ચેરમેન આશિષ દવે ઉપસ્થિત રહ્યા હતા જયારે સમારંભના અતિથિ વિશેષમાં રામજી મંદિર વાવોલના મહંત શ્રી મધુસુદન દાસજી મહારાજ તથા થનગનાટ ગ્રુપના પ્રમુખ રોહિતભાઈ નારાયણી ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ સંબોધનમાં સંસ્થાના સ્થાપક અર્જુનસિંહ વાઘેલાની સેવાઓને બિરદાવી હતી તથા સંસ્થાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન નરેન્દ્રસિંહ ચૌહાણે કર્યું હતું જયારે આભાર દર્શન શોભનાબા વાઘેલાએ કર્યું હતું.

સેક્ટર-૬-બી સ્થિત સરસ્વતી વિદ્યાલય ખાતે ૬૭મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધ્વજવંદન શાળાની ધોરણ-૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ઋતુ પટણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દેશભકિત થીમને અનુરૂપ બાળકો દ્વારા નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતાં.

૬૭મા પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસપૂર્ણ ઉજવણી

એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના આરંભે શિક્ષિત વિદ્યાર્થીની આરોહી પટેલ અને વિષ્ણુભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. જયારે કનુભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. પ્રજાસત્તાક પર્વે વિદ્યાર્થીનીઓએ વિવિધ રંગારંગ કાર્યક્રમ રજુ કરી વિવિધ ઝાંખીની પ્રસ્તુતી કરી હતી. જેમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો હાજર રહ્યા હતાં.

જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલય

પી.કે. મહિલા આર્ટસ કોલેજ કેમ્પસ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ વકતૃત્વ સ્પર્ધા તેમજ ગ્રુપ ડાન્સ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા બહેનોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહીત કરવામાં આવી હતી. પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં શાળા પરિવાર મોટી સંખ્યામાં હાજર રહ્યો હતો.

કોલવડા પ્રાથમિક શાળા નં.-૧

કોલવડા પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ગામની સૌથી વધુ ભણેલી દિકરી અંકિતાબેન વાઘેલાના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય કુસુમબેન પટેલના હસ્તે સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. 'દિકરીને સલામ દેશને નામ' કાર્યક્રમ અંતર્ગત શાળાની વિદ્યાર્થીની આરતી એ 'દિકરી મારું દર્પણ' વિષય પર લાગણીસભર વકતવ્ય આપ્યું હતું. જયારે શાળાના અન્ય વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જયારે મેરા દેશ મહાન અંતર્ગત સુત્રોચ્ચાર કરી વાતાવરણને દેશભકિતમય બનાવી દેવાયું હતું. કિરણસિંહ તેમજ ચંદ્રસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની જાગૃતિ માટે કટીબધ્ધતા કેળવવા હાકલ કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં એસ.એમ.સી.ના સભ્યો, ગ્રામજનો તેમજ શાળા પરિવાર હાજર રહ્યો હતો.

સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર

પ્રજાસત્તાક પર્વની ઉજવણી સિવિલ કેમ્પસ ખાતે પણ કરવામાં આવી હતી. મેડીકલ કોલેજના ડીન ડૉ. અરૂણભાઈ વ્યાસે ધ્વજને ફરકાવી સલામી આપી હતી તેમજ હાજર કર્મીઓને પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સિવિલ સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

સુરેલા (પેથાપુર) પ્રાથમિક શાળા

સુરેલા (પેથાપુર) પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી દબદબાભેર કરવામાં આવી હતી. 'બેટી બચાવો' 'બેટી પઢાવો' કાર્યક્રમ અંતર્ગત ગામની ઉચ્ચ અભ્યાસ કરેલી દિકરી સુમનબાના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. શાળાના બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે એસ.એમ.સી. અધ્યક્ષ સુધાબા, ઉપાધ્યક્ષ ગીરીશસિંહ વાઘેલા શાળાના આચાર્ય કાળાભાઈ પટેલ, ગામના અગ્રણી અર્જુનિસંહ વાઘેલા, ગામના આગેવાનો, એસ. .એમ.સી. સભ્યો, ગ્રામજનો, શાળા સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

લીયો કલબ

લીયો કલબ, ગાંધીનગર દ્વારા શહેરના સેક્ટર-૨૦ ખાતે સ્થિત સરકારી પ્રજાસત્તાક પર્વની ઉજવણી હાથ ધરવામાં આવી હતી અને શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. લીયો પ્રમુખ સંકેત ગોરે શાળાના આચાર્યનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું. ક્લબ દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામો આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શિતાંગ વોરા, પૂર્વ લિયો પ્રમુખ નિખિલ સોની, રિકીન આચાર્ય, વિવેકસિંહ ચૌહાણ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શિવપુરા કંપા

ગાંધીનગર તાલુકાના શિવપુરા કંપા ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે ત્રિવેણી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામની સૌથી વધુ ભણેલી દીકરી પંક્તિ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને તેના ઉપરાંત અન્ય બે દીકરીઓ રીમા પી પટેલ, વિધિ પટેલ દ્વારા કાર્યક્રમનું પ્રમુખ સ્થાન શોભાવવામાં આવ્યું હતું. ગામના વડીલ લાલજીભાઈ પટેલ, બાબુભાઈ પટેલ તથા મહિલા મંડળનાં પ્રમુખના હસ્તે દીકરીઓને સ્મૃતિચિહ્ન તથા પ્રમાણપત્ર એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ગામના આગેવાન તથા એસએમસીના અધ્યક્ષ શાંતિભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં દીકરીઓને વધુ ને વધુ ભણાવવા સાથે ગણતંત્ર દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે શાળાનું પ્રથમ વાલી સંમેલન પણ યોજવામાં આવ્યું હતું. વિનોદભાઈ પટેલે બાળકોને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય જશુભાઈ પટેલે સંભાળ્યું હતું.

છાલા

છાલા કેળવણી મંડળ સંચાલિત શેઠ કે એમ સર્વોદય હાઈસ્કૂલના પટાંગણમાં કેળવણી મંડળના પ્રમુખ એમ બી પટેલના હસ્તે રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામની પ્રાથમિક કુમાર, કન્યા શાળા અને હાઈસ્કૂલનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. પ્રમુખ દ્વારા ખેલ મહાકુંભમાં વૉલીબૉલ સ્પર્ધામાં પ્રથમ આવનાર ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપી બિરદાવવામાં આવ્યા હતા તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહક ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સરઢવ

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત શેઠ એસ એમ સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ બી પી પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, સરઢવ ખાતે ગામની જ દીકરી ડૉ. પૂજા શૈલેષભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં છગનભા સાર્વજનિક પ્રાથમિક શાળા, જનતાનગર પ્રાથમિક શાળા, શ્રેષ્ઠ કન્યા શાળા અને આદર્શ કુમાર શાળાનાં બાળકો અને ગુરૂજનો ઉપસ્થિત રહ્યાં હતાં. મંડળના સભ્યો અને ગામના સરપંચ અરવિંદભાઈ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

એનસીસી કમાન્ડર સિનિયર શિક્ષક અશોકભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને એનસીસીના વિદ્યાર્થીઓએ જુસ્સાભેર પરેડ કરી હતી. શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરતાં દીકરીના મહત્ત્વ વિશે હૃદયસ્પર્શી વક્તવ્ય આપ્યું હતું. વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતોનું ગાન તેમજ સ્ત્રી ભ્રૂમ હત્યા અટકાવવા વિશે વક્તવ્ય આપ્યું હતું. વર્ષ ૨૦૧૫ દરમ્યાન જુદા જુદા ક્ષેત્રોમાં સફળતા મેળવનાર દીકરીઓનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. અંતે ડૉ. પૂજા શૈલેષભાઈ પટેલે રામાયણ કાળથી અત્યાર સુધીનું દીકરીનું મહત્ત્વ દર્શાવતું મનનીય પ્રવચન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક ગજેન્દ્રભાઈ મહેતાએ કર્યું હતું.